# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે , UPSC સંસ્થા પરનો વિશ્વાસ હંમેશની જેમ અતૂટ.
2. ફ્લાઇ દુબઇની ફ્લાઇટના મુસાફરોના જીવ બચાવનારા કેપ્ટન સ્મિત મચ્છારની બહાદુરીને પ્રધાનમંત્રીએ બિરદાવી પરિવારજનો સાથે વાતચિત કરી
3. સપ્ટેમ્બરમાં GSTની આવક ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ 14.7 ટકા વધીને 2 લાખ 3 હજાર કરોડ રૂપિયાને પાર થયું.
4. જન્મ અને મૃત્યુ નોંધણી સુધારા અધિનિયમ આજથી અમલમાં આવ્યો.
5. એશિયન ગેમ્સ ક્રિકેટમાં શ્રીલંકાને હરાવીને ભારત ફાઇનલમાં પ્રવેશ્યુ.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY PM – UPSC - 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે UPSCની 100 વર્ષની સફરમાં પેઢીઓ, સરકારો, ટેક્નોલોજી અને અભ્યાસક્રમ બદલાયો છે, પરંતુ આ સંસ્થા પરનો વિશ્વાસ હંમેશની જેમ અતૂટ છે.

આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) ના શતાબ્દી સમારોહને સંબોધતા , શ્રી મોદીએ એવા યુવાનોને જાહેર સેવાઓમાં લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો કે જેઓ જાહેર કચેરી તરફ નહીં , પરંતુ જાહેર સેવા તરફ આકર્ષાય છે. તેમણે કહ્યું કે, આજે 21મી સદીનું ભારત નવી કાર્ય સંસ્કૃતિ સાથે આગળ વધી રહ્યું છે અને તેનો મુખ્ય સિદ્ધાંત લોકો તરફી , સક્રિય, સુશાસન છે.

## બાઈટ - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી ( યુપીએસસીયુથ)

શ્રી મોદીએ UPSC શતાબ્દી સ્મારક સિક્કો , એક સ્મારક સ્ટેમ્પ અને '100 પબ્લિક સર્વિસ કમિશન અને 100 જાહેર સેવા કમિશન' નામના પુસ્તકનું વિમોચન કર્યું હતું.

# DAY PM – UPSC – 2

પ્રધાનમંત્રીએ પોતાના ઉદબોધનમાં સરદાર વલ્લભભાઇ પટેલની કાર્યોને પણ યાદ કરીને વહિવટી સેવામાં તેમણે આપેલા યોગદાનને યાદ કર્યું હતું.

## બાઇટ- નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી ( સરદાર પટેલ)

ફ્લાઇ દુબઇની ફ્લાઇટના મુસાફરોને બચાવવા માટે ગુજરાતી પાયલોટ સ્મિત મચ્છરના અદમ્ય સાહસને પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિરદાવ્યુ હતું અને તેમના માટે ગર્વ હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી ( સ્મિત)

આ પ્રસંગે ઉપસ્થિત કાર્મિક , જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે UPSC એ છેલ્લા 12 વર્ષો દરમિયાન અનેક સીમાચિહ્નો હાંસલ કર્યા છે અને ઘણા નવા આયામો ઉમેર્યા છે. તેમણે જણાવ્યું હતું કે , UPSC દ્વારા કરવામાં આવેલી સરકારી નિમણૂંકોની સંખ્યામાં વધારો થયો છે , ભરતી પ્રણાલીમાં પારદર્શિતા પણ સુધરી છે.

# FLYDUBAI INCIDENT

ફ્લાયદુબઈ ફ્લાઇટને ક્રેશ કરવાનો પ્રયાસ કરનાર ઓમાની કો-પાયલોટની સાઉદી અધિકારીઓએ ધરપકડ કરી છે. જેમણે કેપ્ટન પર છરીથી હુમલો કરી પ્લેનને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેપ્ટન સ્મિતની બહાદુરીની પ્રંશસા કરી કેપ્ટન સ્મિતના પત્ની અને માતા-પિતા સાથે વાત કરી હતી. શ્રી મોદીએ એ વાત પર પણભાર મૂક્યો હતો કે ભારતીય મિશન શક્ય તેટલી મદદ પૂરી પાડી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ કેપ્ટન સ્મિતની પ્રશંસા કરતાં કહ્યું કે રાષ્ટ્ર તેમના પર ગર્વ અનુભવે છે. આ સાથે જ ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણ, વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે, વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે કેપ્ટન સ્મિતની અસાધારણ હિંમત અને બહાદુરીની પ્રશંસા કરી ઝડપી અને સંપૂર્ણ સ્વસ્થ થવામાટે પણ પ્રાર્થના કરી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલેપણ કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીની પ્રશંસા કરી, માહિતી આપી કે તેમણે તબીબી સારવાર મળી રહી છે અને તેઓ સુરક્ષિત છે.

# PM - WILDLIFE WEEK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે પ્રકૃતિનું સંતુલન જાળવવા અને ભવિષ્યની પેઢીઓ માટે મૂલ્યવાન વારસો સુરક્ષિત રાખવા માટે જંગલો અને વન્યજીવનનું રક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. વન્યજીવન સપ્તાહ 2026 ના અવસરે પોતાના સંદેશમાં , શ્રી મોદીએ નાગરિકોને વન્યજીવન અને તેમના રહેઠાણોના રક્ષણમાં યોગદાન આપવા વિનંતી કરી.

# REV INDIA EU FTA

ભારતે ખાદ્ય સુરક્ષાને સુરક્ષિત રાખવા માટેના કાયદેસર રાષ્ટ્રીય પગલાંને ખોરાકને શસ્ત્ર તરીકે ગણવા સામે ચેતવણી આપી છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે અમેરિકાના મિલવૌકીમાં G20 વેપાર મંત્રીઓની બેઠક દરમિયાન આ તફાવત વ્યક્ત કર્યો.

ખાદ્ય સુરક્ષા, સ્થિરતા અને સહકારનો સ્ત્રોત જાળવવા માટે સહિયારા પ્રયાસો આદરવાની પણ તેમણે અપીલ કરી હતી.

મંત્રીએ ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર અને અમલની પ્રગતિની પણ સમીક્ષા કરી. તેમણે G20 વેપાર મંત્રીઓની બેઠક દરમિયાન યુરોપિયન વેપાર અને આર્થિક સુરક્ષા કમિશનર મારોસ સેફકોવિક સાથે વાટાઘાટો કરી.બંને પક્ષોએ ભારત-યુરોપિયન યુનિયન વેપાર અને ટેકનોલોજી પરિષદ, વિશ્વ વેપાર સંગઠનમાં સુધારા અને G20 માં સહિયારી પ્રાથમિકતાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SEVA SANKALP ABHIYAN - ANJI KHAD BRIDGE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જનસેવા દ્વારા દેશ સેવાના મંત્ર અને નિરંતર પ્રતિબદ્ધતાથી જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આ પ્રસંગે અમે સેવા સંકલ્પ અભિયાનની વિશેષ શ્રેણીમાં જમ્મુ અને કાશ્મીરમાં ચેનાબ અને અંજી ખાડ રેલ્વે પુલના નિર્માણથી આધુનિક માળખાગત સુવિધાઓ અને મજબૂત કનેક્ટિવિટીમાં થયેલા નોંધપાત્ર સુધારા વિશે જણાવીશુ

## VOICE CAST: KARAN MAKVANA

*(આ બંને પુલ ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંકના મહત્વપૂર્ણ ઘટકો છે અને પડકારજનક પર્વતીય વિસ્તારમાં બનાવાયા છે. ચેનાબ નદીથી 359 મીટર ઉંચાઇ પર નિર્મિત ચેનાબ રેલ બ્રિજ વિશ્વનો સૌથી ઊંચો રેલ્વે કમાન પુલ છે. અંજી પુલ ભારતનો પ્રથમ કેબલ-સ્ટેડ રેલ્વે પુલ છે , જે 96 કેબલ દ્વારા સપોર્ટેડ છે. ગયા વર્ષે 6 જૂને આ બંને પુલનું ઉદ્ઘાટન કર્યા બાદ પ્રધામંત્રી નરેન્દ્ર મોદીએ આ રેલ્વે પુલોને ભારતની ઇજનેરી ક્ષમતાઓ અને જમ્મુ અને કાશ્મીરમાં કનેક્ટિવિટીને મજબૂત બનાવવામાં સીમાચિહ્નો તરીકે વર્ણવ્યા હતા...*

*બાઇટ – પીએમ મોદી*

*આ પુલોએ જમ્મુ - કાશ્મીરના કૃષિ , બાગાયતી અને હસ્તકલા ઉત્પાદનોને દેશભરના બજારોમાં ઝડપી પરિવહનની સુવિધા આપી છે. કુલગામના બગીચાના માલિક તજમૂલ અહેમદ જણાવે છે કે આ પુલોના નિર્માણથી શક્ય બનેલા રેલ જોડાણને કારણે સફરજન ઉગાડનારા માટે દેશના અન્ય ભાગોમાં તેમના ઉત્પાદનોનું પરિવહન સરળ બન્યું છે.*

*બાઈટ - તાજમુલ અહેમદ*

*આ પુલ માત્ર તકનીકી નવીનતા અને નિશ્ચયના પ્રતીકની સાથે જમ્મુ કશ્મીરને દેશના બાકીના ભાગો સાથે જોડવામાં અને તેના ભાવિ વિકાસ માટે મજબૂત પાયો બનાવવામાં પણ મદદ કરી રહ્યા છે. કરણ મકવાણા આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# GST COLLECTION - SEPTEMBER

સપ્ટેમ્બરમાં કુલ ગૂડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ ( GST) નું કલેક્શન ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ 14.7 ટકા વધીને બે લાખ 3 હજાર કરોડ રૂપિયાથી વધુ થઈ ગયું છે. સપ્ટેમ્બર , 2025માં કુલ GST આવક એક લાખ 77 હજાર કરોડ રૂપિયાથી વધુ હતી.

આ વર્ષે સપ્ટેમ્બરમાં સેન્ટ્રલ GST કલેક્શન 37 હજાર 772 કરોડ રૂપિયા અને સ્ટેટ GST 45 હજાર 363 કરોડ રૂપિયા છે. ઇન્ટિગ્રેટેડ IGST કલેક્શન એક લાખ 20 હજાર કરોડ રૂપિયાથી વધુ છે.

મહિના દરમિયાન ઘરેલુ પ્રવૃત્તિઓમાંથી GSTની કુલ આવક દસ ટકાથી વધીને લગભગ એક લાખ 38 હજાર કરોડ રૂપિયા થઈ ગઈ છે , જ્યારે આયાતમાંથી કલેક્શન લગભગ 26 ટકા વધીને 65 હજાર 525 કરોડ રૂપિયા થઈ ગયું છે.

# REGISTRATION OF BIRTHS AND DEATHS (AMENDMENT) ACT

જન્મ અને મૃત્યુ નોંધણી સુધારા અધિનિયમ આજથી અમલમાં આવ્યો છે. આ કાયદા દ્વારા જન્મ અને મૃત્યુ નોંધણી અધિનિયમ , 1969 માં સુધારો કરવામાં આવ્યો છે. આ અધિનિયમનો ઉદ્દેશ્ય જન્મ અને મૃત્યુ નોંધણીમાં વિલંબ અટકાવવાનો અને લોકોને સમયસર નોંધણી કરાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

આ અધિનિયમમાં જોગવાઈ છે કે જો કોઈ જન્મ અથવા મૃત્યુની જાણ રજિસ્ટ્રારને એક વર્ષથી વધુ પરંતુ બે વર્ષની અંદર કરવામાં આવે છે , તો તે ફક્ત જિલ્લા મેજિસ્ટ્રેટ , સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અથવા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની મંજૂરીથી જ નોંધણી કરાવી શકાય છે. આ અધિનિયમ અનુસાર , બે વર્ષથી વધુ સમય માટે રજિસ્ટ્રારને જાણ કરાયેલ જન્મ અથવા મૃત્યુ ફક્ત પ્રથમ વર્ગના ન્યાયિક મેજિસ્ટ્રેટના આદેશ પર જ નોંધવામાં આવશે.

આ અધિનિયમમાંએ પણ આદેશ આપવામાં આવ્યો છે કે નિયુક્ત સત્તાવાળાએ વિલંબિત નોંધણી માટે પરવાનગી આપતા પહેલા જાણ કરાયેલ જન્મ અથવા મૃત્યુની સત્યતા ચકાસવી આવશ્યક છે.

# CRICKET

એશિયન્સ ગેમ્સમાં પુરુષની ક્રિકેટ મેચમાં ભારતીય ટીમે શ્રીલંકાને 124 રને હરાવી ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે. ઇશાન કિશને શાનદાર બેટિંગ કરી સૌથી વધુ 80 રન ફટકાર્યા હતા. જ્યારે જસપ્રિત બુમરાહ, અક્ષર પટેલ અને અભિષેક શર્મા 2-2 વિકેટ લઈ જીતમાં ફાળો આપ્યો હતો.

ઉલ્લેખનીય છે ફાઇનલ મેચમાં ભારત અને પાકિસ્તાન આમને સામને ટકરાશે.